**વડોદરાના ૨૮મા એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબ સમક્ષ  મુ. વડોદરા.**

**ગોરવા પો સ્ટે ફર્સ્ટ ૧૬૭/૨૦૧૫**

**ફો.કે.નં.:– ૫૬૫૧૧/ ૨૦૧૫**

## –: આંક– ૧ લગત હુકમ :–

(૧) આજરોજની નોટીસ કરતા ફરીયાદી હાજર છે તથા આ કેસની કાર્યવાહિ હાથ પર લીધી.

(૨) ફરીયાદીને સાંભળ્યા. ફરીયાદીએ આપેલ પુરસીસ તથા કેસનું રેકર્ડ વંચાણે લીધું. આ કામે ફરીયાદી અત્રેની કોર્ટ સમક્ષ હાજર છે. ફરીયાદીએ હાલની પુરસીસથી જાહેર કરેલ છે કે તેઓ આરોપી વિરૂધ્ધનો ગુન્હો કંપાઉન્ડ (દરગુજર) કરે છે અને તેમને સદર કેસ આગળ ચલાવવો નથી. સદર પુરસીસ તેઓને વાંચી, સંભળાવી સમજાવતાં સ્વેચ્છાએ કબુલ મંજુર રાખેલ છે. આરોપીઓએ મુદ્દામાલ અંગે નો કલેઈમ પુરસીસ આપેલ છે.

(૪) આમ, અત્રેની કોર્ટનું માનવું છે કે ક્રિ.પ્રો.કોડની કલમ–૩૨૦ મુજબ ગુનો કંપાઉન્ડ (દરગુજર) કરવા માટે માફ કરવાની પુરસીસમાં આરોપીની સહી ફરજીયાત નથી તેથી હાલની ફરીયાદી દ્વારા રજુ કરેલ પુરસીસ સ્વીકારવાને પાત્ર છે તેમજ ફરીયાદની હકીકત ધ્યાને લેતાં જો પુરસીસ ગ્રાહય રાખી કેસ ફેંસલ કરવામાં આવે તો અન્ય કોઈ વ્યકિતનાં કોઈ હિતને નુકશાન થતું હોય તેમ જણાતું નથી. ઉપરોકત તમામ પાસા ધ્યાને લઈ હાલની પુરસીસ રેકર્ડ કરવામાં આવે છે અને ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –: હુ ક મ :–

(૧) આરોપીઓ (૧) રાજુભાઈ ઉર્ફે રાજેન્દ્ર સોમાભાઈ કાછીયા તથા (૨) ઈમરાન ઐયુબભાઈ વ્હોરાનાઓને ક્રિ.પ્રો. કોડની કલમ–૩૨૦(૧)(૨)(૮) અન્વયે ઈ.પી.કો.કલમ–૩૭૯, ૧૧૪ મુજબના ગુન્હાના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર કામે રીકવર થયેલ મુદ્દામાલ એકટીવા નં. જીજે૦૬એફઈ ૭૭૨૫ ફરીયાદી વૈભવ પ્રફુલભાઈ તન્નાને કાયમી ધોરણે પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીનાં જામીનખત અપીલ સમય વિત્યેથી રદ ગણવા.

હુકમ આજરોજ મારી સહી કરી ખુલ્લા ન્યાયાલયમાં જાહેર કર્યો.

તારીખ 13/07/૨૦૧૯
સ્થળ વડોદરા
(SELF)

(કે.બી.વાઘેલા)
૨૮મા એડી.ચીફ જ્યુ.મેજીસ્ટ્રેટ
જજકોડ:-જી.જે.૦૧૧૪૨